<u>ના.શ્રી ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, ભુજ–કચ્છ</u>

**<u>ફોજ. કેસ નં. ૧૪૧૦/૨૦૨૬</u>**

ફરીયાદી : શ્રી સરકાર

આરોપી : **કરશન મંગલારામ ભટ્ટ**

ધંધો–મજુરી, ઉ.વ. ૪૩
રહે. ભાણભટ્ટ નગર, સુખપર, તા. ભુજ–કચ્છ

**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧) આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તપાસના અંતે પુરતા પુરાવા આધારે ચાર્જશીટ થયેલ છે. ત્યારબાદ આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને ગુનાના આક્ષેપો વાંચી સંભળાવી, ગુના સબબ પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરી કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૨) આમ આરોપી આજરોજ નામદાર લોક અદાલતમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે, જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓ કોઈ ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા નથી, જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે નામદાર ગુજરાતની વડી અદાલતે <u>૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટરવભાઈ હરીચંદ્રજી ઠાકોર</u> ના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરુપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

## **–:: આખરી હુકમ ::–**

૧. હાલના આરોપીને <u>પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી)</u> મુજબના ગુનામાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.) ૨૦૨૩ ની કલમ–૨૭૫ મુજબ તકસીરવાન ઠરાવી, આરોપીને **રૂા.૧૦૦/–(અંકે રૂપીયા એકસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ અન્વયે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો આથી કાયમ રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય બાદ કિંમતી મુદામાલની માલિકીની ખાતરી કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ બિનકિંમતી મુદામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
ભુજ–કચ્છ
MD

**(રાહુલ સતીશભાઈ સિંગલ)**
ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ–કચ્છ (કોડ નં. જીજે૦૧૪૧૦)